For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## બુધવારે રાત્રે 11થી 4 વાગ્યા સુધી અતિભારે વરસાદનું રેડ એલર્ટ

# સુરત સહિત દ.ગુજરાતમાં ભારે ઉચાટ

**લોકોને** બુધવારે રાત્રે 8 વાગ્યા સુધીમાં ઘરે પહોંચી જવા અને બેઝમેન્ટમાંથી સામાન ખસેડી લેવા સૂચના

**નિચાણવાળા** વિસ્તારોમાં મોનિટરિંગ, સુરત પર ફરી ખાડીપૂરનું સંકટ

NDRF-SDRFની ચાર ટીમો સ્ટેન્ડબાય કરાઈ

સુરત : હવામાન વિભાગે સુરત અને ઉપરવાસ વિસ્તારમાં આજે મધ્યરાત્રિથી સવારે 4 વાગ્યા સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરતાં સુરત શહેરનું વહીવટી તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડ પર આવી ગયું છે. સંભવિત ખાડીપૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ

...અનુસંધાન પાના ૯ પર



(તસવીર : સતીષ જાદવ)

### ક્યાં ક્યાં NDRF-SDRFની ટીમ તૈનાત કરાઈ??

- વરાછા ખાડીની આસપાસનો વિસ્તાર
- ઉન ખાડી વિસ્તાર
- કૃષ્ણનગર
- કાંગારૂ સર્કલની આસપાસનો વિસ્તાર
- મીઠી ખાડી વિસ્તાર
- ભેદવાડ ખાડી વિસ્તાર
- બમરોલી ખાડી વિસ્તાર
- આઝાદ નગર ભટાર
- પર્વત-કુંભારીયા

### શહેરના અનેક નિચાણવાળા અને અસરગ્રસ્ત રસ્તાઓ મોડી રાત્રે બંધ કરાશે

રાત્રિ દરમિયાન સુરક્ષાના ભાગરૂપે શહેરના અનેક નિચાણવાળા તેમજ અસરગ્રસ્ત રસ્તાઓ બંધ કરવામાં આવશે, જેથી નાગરિકો સુરક્ષિત રીતે ઘરમાં જ રહે તે હિતાવહ

...અનુસંધાન પાના ૯ પર

### મીઠીખાડી છલકાતાં પાણી સારોલી, ઉધના, પાંડેસરા અને ભેસ્તાનના રસ્તાઓ પર ફરી વળ્યા

મીઠીખાડી ભયજનક સપાટી સુધી પહોંચી પણ ન હતી ત્યાં જ અનેક મીઠીખાડીની આસપાસના વિસ્તારોમાં ખાડીના પાણી ફરી વળ્યા હતા. ગોડાદરા ખાતે આવેલ પુણા પાટિયાથી મહારાણા પ્રતાપ તરફ જતા મુખ્ય રોડ ઉપર પણ પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. આ ઉપરાંત સારોલી વિસ્તારમાં ભરાયેલા પાણી કુંભારિયા મેઇન રોડ ઉપર ફરી મળતા ત્યાં પણ વાહન વ્યવહાર ખોરવાયો હતો. આ સિવાય ઉધના તથા પાંડેસરા અને ભેસ્તાન સહિતના અનેક વિસ્તારોમાં પણ પાણી રસ્તા પર ફરી વળ્યાં હતા.ભારે વરસાદ

...અનુસંધાન પાના ૯ પર

### વરાછામાં પોદ્દાર આર્કેડ સામે પાણીના નિકાલ માટે પતરાં હટાવાયાં

શહેરમાં વરાછા રોડ પર આવેલ પોદાર આર્કેડમાં ગતરોજ ભારે વરસાદ બાદ બેજમેન્ટમાં પાણી

...અનુસંધાન પાના ૯ પર

## મીઠી ખાડી સહિતનાં 16 સ્થળે રેસ્ક્યુ માટે ફાયરની બોટ તૈનાત

છેલ્લા બે દિવસથી ભારે વરસાદને પગલે વધુ એક વખત મીઠી ખાડીની સપાટી ભયજનક સપાટીની લગોલગ પહોંચી જતાં ફાયર વિભાગ પણ હરકતમાં આવી ગયું છે. લિંબાયતનાં મીઠી ખાડી સહિત ઉધના -વરાછાનાં અલગ- અલગ 16 નિચાણવાળા વિસ્તારમાં સંભવિત રેસ્ક્યુ માટે આજે સવારથી જ ફાયર વિભાગ દ્વારા તકેદારીનાં ભાગરૂપે બોટ મુકી દેવામાં આવી છે. લિંબાયત ઝોનમાંથી પસાર થતી મીઠી ખાડીની સપાટી વધુ એક વખત આઠ મીટરને વટાવી જતાં

...અનુસંધાન પાના ૯ પર

### શહેરના વિવિધ વિસ્તારોમાં NDRF-SDRFની ચાર ટીમો સ્ટેન્ડ બાય

સુરત શહેરની સાથે - સાથે ઉપરવાસમાં છેલ્લા બે દિવસથી અવિરત વરસાદ વચ્ચે આજે સવારથી જ મીઠી અને ભેદવાડ સહિતની તમામ ખાડીઓનાં જળસ્તરમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. પલસાણામાં ગણતરીનાં કલાકોમાં જ પાંચ ઈંચ વરસાદને પગલે

...અનુસંધાન પાના ૯ પર

### NDRF, ફાયરબ્રિગેડ, પોલીસ, પાલિકાની ટીમો એલર્ટ મોડ પર

15 દિવસ પહેલા જ આવેલા ખાડી પૂરને કારણે સુરત મનપા તંત્ર ઉપર ભારે માછલા ધોવાયા બાદ આ વખતે મનપા દ્વારા પહેલેથી જ તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. આજે સુરત શહેરના મીઠીખાડી વિસ્તાર, ભેદવાડ ખાડી વિસ્તાર, ભાઠેના ખાડી વિસ્તારમાં

...અનુસંધાન પાના ૯ પર

## આજે સુરત ,વલસાડ , નવસારી , દમણની શાળા અને કોલેજો બંધ

**આગામી** 24 કલાકમાં અતિભારે વરસાદની આગાહીને પગલે તંત્રનું સાવચેતીભર્યું પગલું

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા વરસાદને કારણે જનજીવન વ્યાપક રીતે પ્રભાવિત થયું છે. શહેરના અનેક વિસ્તારો તેમજ જિલ્લાના વિવિધ ભાગોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે ગુરૂવારે પણ શહેરની શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. ઉપરાંત વલસાડ, સંઘપ્રદેશ દમણની શાળા-કોલેજોમાં પણ રજા આપી દેવામાં આવી છે. વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બુધવારે સુરત શહેર અને જિલ્લાની તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. દરમિયાન હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન સુરત શહેરમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આ આગાહીને ધ્યાનમાં રાખી જિલ્લા અને શહેર તંત્ર દ્વારા વિદ્યાર્થીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં વધુ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ ગુરુવારે સુરત શહેરની તમામ સરકારી, અનુદાનિત તેમજ

...અનુસંધાન પાના ૯ પર



## ચોમાસાની શરૂઆતમાં જ વલસાડ બે વખત ડૂબી ગયું

■ પાર નદી, કોલક નદી, દમણગંગામાં પૂર ■ નાનાપોંઢા-વાપી રોડ પર મુસાફરોથી ભરેલી બસ ફસાઇ ■ વલસાડ જિલ્લામાં રેડ એલર્ટ, 300નું સ્થળાંતર કરાયું ■ ખેરગામના 15 જેટલા માર્ગો વાહનવ્યવહાર માટે બંધ ■ વલસાડની સ્કૂલ-કોલેજોમાં રજા જાહેર કરી દેવાઇ ■ હાલર વિસ્તાર, નાનકવાડા ગામ, ભાગડાવડા ગામનાં અનેક ઘરોમાં પાણી ભરાઇ ગયા ■ તિથલ રોડ અને અબ્રામાની અનેક સોસાયટી પાણીમાં ગરકાવ ■ સુરક્ષાને કારણે તિથલ બીચ બંધ કરવામાં આવ્યો

સુરત : આજે બુધવારે વહેલી સવારથી જ દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવ સર્જાયું હતું. તો કેટલાક તાલુકામાં રાત્રિ દરમિયાન પણ વરસાદ ઝીંકાયો હતો. જેના કારણે અનેક નદીઓએ રૌદ્ર રૂપ ધારણ કર્યું હતું. કપરાડા તાલુકામાં તો 18 ઈંચ વરસાદ વરસતા ભારે ખાનાખરાબી સર્જાઇ હતી તો બીજી તરફ પારડી, વલસાડ અને ઉમરગામમાં પણ 16 ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. તાલુકામાંથી પસાર થતી પારનદી, કોલક નદી, દમણગંગા સહિતની નદીમાં ભયાનક પુર આવ્યા હતાં. જેના પગલે તમામ નાના પુલો, કોઝવે ડૂબી જતા 40થી વધુ ગામનાં હજારો લોકો મુશ્કેલીમાં મુકાયા હતાં. તો વાપીથી ચણોદ થઈ નાનાપોંઢા માર્ગ ઉપર કરવડ નજીક માર્ગ ઉપર પાણી ભરાઈ જતા વાહનોના આવાગમન બંધ થતા લોકો મુશ્કેલીમાં મુકાયા

...અનુસંધાન પાના ૯ પર



### દક્ષિણ ગુજરાતનો 24 કલાકનો વરસાદ

| | | | |
|---|---|---|---|
| કપરાડા | **17.80** ઈંચ | ગણદેવી | **7** ઈંચ |
| પારડી | **16.73** ઈંચ | વ્યારા | **5.3** ઈંચ |
| ઉમરગામ | **16.50** ઈંચ | વાલોડ | **5.3** ઈંચ |
| વલસાડ | **16.30** ઈંચ | ઉકાઈ | **5.2** ઈંચ |
| નાનાપોંઢા | **13.03** ઈંચ | સોનગઢ | **4.3** ઈંચ |
| ચીખલી | **12** ઈંચ | ડોલવણ | **4.3** ઈંચ |
| ધરમપુર | **10.04** ઈંચ | વઘઈ | **5.92** ઈંચ |
| વાપી | **10.91** ઈંચ | જલાલપોર | **5** ઈંચ |
| વાંસદા | **7** ઈંચ | સાપુતારા | **4.84** ઈંચ |

■ પારડીના ઐતિહાસિક 99 એકરના તળાવની સૂપડી તોડવી પડી

■ સાંજે પાંચ કલાકે મધુબન ડેમમાંથી ૯૫,૯૦૯ ક્યુસેક પાણી છોડાયું

■ હરણ ગામ અને ચીખલીમાંથી ૧૩૭ લોકોનું સ્થળાંતર કરાયું

■ ચીખલી હાઈવેના અંડરપાસના સર્વિસ રોડ પર પણ પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા

■ ગણદેવી તાલુકામાં ૭૯૧ લોકોનું સ્થળાંતર, તલોધમાં મહિલા પૂરના પાણીમાં તણાઈ

■ પૂર્ણા નદીનું જળસ્તર સાંજે વધ્યું, સપાટી પાંચ વાગ્યે 23 ફૂટ પર પહોંચી

### ભારે વરસાદની સ્થિતિમાં સતર્ક રહેવા ફોસ્ટાની અપીલ

## કાપડના વેપારીઓએ ભોંયરામાં માલ, વાહન, પાર્સલ ન રાખવા

**પાણી** ભરાવાની સ્થિતિમાં ગભરાવાના બદલે સુરક્ષા અને સંકલન પર ભાર

સુરતઃ સુરત શહેરમાં સતત વરસી રહેલા વરસાદ અને ભૂતકાળમાં સર્જાયેલી વરસાદી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ફેડરેશન ઓફ સુરત ટ્રેડ એન્ડ ટેક્સટાઇલ એસોસિએશન્સ (FOSTTA) દ્વારા શહેરના તમામ કાપડ માર્કેટોના પ્રમુખો, સચિવો, મેનેજરો તેમજ વેપારીઓને આજે સાવચેતી રાખવાથી આવતીકાલની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે તેમ જણાવી દરેકને સતર્ક રહેવા અને ગભરાટ ન ફેલાવવા અપીલ કરી છે. ફોસ્ટાના પ્રમુખ હંસરાજ જૈન અને મહામંત્રી દિનેશ કટારિયાની સહીથી જાહેર કરાયેલી સૂચનામાં જણાવાયું છે કે જે માર્કેટોના બેઝમેન્ટ અથવા પરિસરમાં વરસાદી પાણી ભરાવાની સંભાવના હોય ત્યાં સમયસર જરૂરી સુરક્ષા અને બચાવની વ્યવસ્થા કરવામાં આવે. જો કોઈ કારણસર પાણી ભરાય તો પાણીના નિકાલની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે, કારણ કે કુદરતી પરિસ્થિતિઓ પર કોઈનો નિયંત્રણ નથી. વેપારીઓને પોતાના માર્કેટના પ્રમુખ, સચિવ, મેનેજર તથા આસપાસના વેપારીઓના મોબાઇલ નંબર હંમેશા ઉપલબ્ધ રાખવા સૂચના આપવામાં આવી છે જેથી કોઈ પણ આપત્તિજનક સ્થિતિમાં તરત સંપર્ક સાધી શકાય અને જરૂરી મદદ મળી રહે. ફોસ્ટાએ ખાસ કરીને બેઝમેન્ટમાં આવેલી દુકાનોના વેપારીઓને પોતાનો માલ સુરક્ષિત અને શક્ય હોય ત્યાં ઊંચા સ્થળે રાખવાની સલાહ આપી છે. ઉપરાંત કોઈ પણ ઇમરજન્સી

...અનુસંધાન પાના ૯ પર

## ભારે વરસાદઃ ઉદવાડા-પારડી વચ્ચે ટ્રેકની નીચેથી માટી ધસી

**રેલવે** ટ્રેક નીચેથી બેલાસ્ટ ધોવાયું, સિગ્નલ નમી પડ્યું મુંબઈ-અમદાવાદ રૂટ ખોરવાયો

**કર્ણાવતી**, ડબલ ડેકર અને સયાજીનગરી સહિત અનેક ટ્રેનો રદ કે શોર્ટ-ટર્મિનેટ કરાઈ

સુરત, વલસાડ, પારડીઃ વિરાર-સુરત રેલવે સેક્શનમાં આવેલ ઉદવાડા અને પારડી સ્ટેશન વચ્ચે રેલવે ટ્રેકની નીચેથી માટી ધસી જતાં અને બેલાસ્ટ (કાંકરી) વચ્ચેથી પાણીનો પ્રચંડ પ્રવાહ વહેવા લાગતાં રેલ વ્યવહાર ખોરવાયો હતો.

મળતી વિગતો મુજબ, સવારે આશરે 04:20 કલાકે પેટ્રોલમેને

...અનુસંધાન પાના ૯ પર



### સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનો

- 69153 ઉમરગામ રોડ - વલસાડ મેમુ (MEMU)
- 69154 વલસાડ - ઉમરગામ રોડ મેમુ (MEMU)

### વચ્ચે અટકાવવામાં આવેલી વિવિધ ટ્રેન

- **69139 બોરીવલી - વલસાડ મેમુઃ** વાપી સુધી જ ચલાવવામાં આવી.
- **12934 અમદાવાદ - બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસઃ** વલસાડ સુધી જ ચાલી.
- **12932 અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર એક્સપ્રેસઃ** નવસારી સુધી જ ચલાવાઈ.
- **22930 વડોદરા - દહાણુ રોડ એક્સપ્રેસઃ** બિલિમોરા સુધી જ ચાલી.
- **59045 મુંબઈ સેન્ટ્રલ - વાપી પેસેન્જરઃ** ગોલવડ સુધી જ ચલાવાઈ.
- **20908 ભુજ - દાદર સયાજીનગરી એક્સપ્રેસઃ** સુરત સુધી જ ચાલી.
- **12996 અજમેર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટઃ** વલસાડ સુધી જ ચલાવવામાં આવી.

## પેનિક બાઈંગ!, સુરતમાં દૂધનો પુરવઠો ખલાસ

**જોકે**, આજે સમસ્યા નહીં થાય તે માટે સુમુલ ડેરીએ બુધવારે રાતે 8 વાગ્યે જ પુરવઠો મોકલી આપ્યો

**ગુરુવારે** બપોરે પણ સમયસર દૂધ મળશે,લોકો અફવા ન ફેલાવે, ચિંતામુક્ત રહે:અરુણ પુરોહિત

સુરતઃ સુરતના પ્રોવિઝન સ્ટોર પર દૂધ લેવા બુધવારે રાતે લાઈનો લાગવા સાથે પેનિક બાઈંગને કારણે લોકોએ ડબલ માત્રામાં દૂધની ખરીદી કરતા સ્ટોર પર દૂધનો પુરવઠો વહેલો ખલાસ થઈ ગયો હતો.

સુમુલ ડેરીના એમડી.અરુણ પુરોહિત અને દૂધ વિતરણ વિભાગના ઉચ્ચ અધિકારી વિપુલ ઉલ્વાનો 'ગુજરાતમિત્ર'એ સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, દૂધની કોઈ અછત નથી. સુરતના નાગરિકો માંગશે ત્યારે સુમુલ દૂધ સપ્લાય કરશે. વરસાદની પરિસ્થિતિ અને ભારે વરસાદની આગાહીને ધ્યાને લઇને સુરત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મળેલી સુચના મુજબ સુમુલ ડેરીએ વહીવટી તંત્ર એ સૂચવેલા લિંબાયત, ઉધના, વરાછા અને અઠવા ઝોનમાં બુધવારે રાતે 8 વાગ્યે જ ડિમાન્ડ મુજબ દૂધ સપ્લાય કરી દીધી હતી. જેથી જો ભારે વરસાદ પડે અને પાણી ભરાય તો દૂધની અછતનો મામલો ઊભો ન થાય. આ વિસ્તારોમાં રોજિંદી ડિલિવરી કરતા વધુ દૂધની સપ્લાય કરવામાં આવી છે.

સુમુલ ડેરીના પાર્લરો પર દૂધનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.સંભવિત પૂરગ્રસ્ત બનનારા વિસ્તારોમાં બુધવારે રાતે જ દૂધ સપ્લાય કરી દેવાયું,ગુરુવારે બપોરે પણ સમયસર દૂધ મળશે,લોકો અફવા ન ફેલાવે ચિંતામુક્ત રહે. અરુણ પુરોહિતે વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર અને સૂર્ય મહાનગર પાલિકાના તંત્રની ભારે વરસાદ અને ખાડીપુરની સંભવિત ચેતવણીને પગલે સુરતમાં પ્રોવિઝન સ્ટોરમાં પેનિક બાઈંગ ફરિયાદ મળી છે. જ્યાં 10 કેરેટ દૂધ વેચાતું હતું ત્યાં ડિમાન્ડ વધતાં દૂધનો

...અનુસંધાન પાના ૯ પર

## ખરાબ હવામાનને કારણે દુબઈથી સુરતની ફ્લાઈટ મોડી પહોંચી

**દુબઈથી** સવારે 9.50 કલાકે સુરત લેન્ડ થતી ફ્લાઇટ બપોરે 12:04 વાગ્યે સુરત પહોંચી

122 મુસાફરો સાથે આવેલી ફ્લાઇટના વિલંબની અસર દિલ્હી જતી ફ્લાઇટ પર પડી

સુરતઃ મુંબઈ અને સુરત એરપોર્ટ પર ખરાબ હવામાનને પગલે દુબઈથી સુરત આવતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ બુધવારે નિર્ધારિત સમય કરતાં મોડેથી પહોંચતાં તેના સીધા પ્રભાવ હેઠળ સુરતથી દિલ્હી જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ પણ વિલંબિત થઈ હતી. પરિણામે મુસાફરોને એરપોર્ટ પર વધારાની રાહ જોવી પડી હતી.

મળતી માહિતી અનુસાર, એર

...અનુસંધાન પાના ૯ પર

psj પચ્ચીગર એન્ડ સન્સ જ્વેલર્સ (સ્નેહલભાઈ)
22 Kt (916) સોનાનો આજનો ભાવ
સૌથી ઓછો ભાવ ₹ 1,31,850/- પ્રતિ 10 ગ્રામ
Upto 100% મજુરી ફ્રી
૭ ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630



॥ સ્મરણાંજલિ ॥
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી,
સદાય હસતો ચહેરો, લાગણીશીલ સ્વભાવ,
સંબંધો સદાય જીવંત રાખનાર પ્રેમાળ વ્યકિતત્વ હર હંમેશ યાદ રહેશે.
તમારૂ જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ તમારી સ્મૃતિ હરહંમેશ અમારા હૈયે કોતરાયેલી રહશે.
જય ગુરૂદેવ દત્ત
અલ્પા દુષ્યંત દેસાઈ
માધવ જરમીન દેસાઈ
પારૂલ જરમીન દેસાઈ
જરમીન જગદીશચંદ્ર દેસાઈ તથા
સમસ્ત અઠવાવાળા પરિવાર
સ્વ. દુષ્યંત વસંતરાય દેસાઈ
(દેલાડવા - સુરત)
જન્મ તા. ૦૯/૧૨/૧૯૫૯ સ્વ. તા. ૨૩/૦૭/૨૦૨૩


છ માસિક પુણ્યસ્મરણ
"પુનરુત્થાન તથા જીવન હું ( ઈસુ ) છું ; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો મરી જાય તો પણ જીવતો થશે.'' - બાઇબલ
તમારું જીવન ઈશ્વરની કૃપાનું પ્રતીક હતું અને તમારી યાદો અમારા માટે એક માર્ગદર્શક પ્રકાશ સમાન છે. અમે તમારી સાથે વિતાવેલી દરેક ક્ષણને વહાલી ગણીએ છીએ અને એ દિવસની રાહ જોઈએ છીએ જ્યારે આપણે ફરી પ્રભુના ઘરમાં મળીશું.
માર્ટીનભાઈ એન. ટેલર
મીનલ એ. પટેલ
સોનલ જે. પટેલ
મેજુલ એમ. ટેલર
સ્વ. સવિતાબેન માર્ટીનભાઈ ટેલર
સ્વ. તા. ૨૩-૦૧-૨૦૨૬


ચોથી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ
તમારું જીવન અમારી પ્રેરણા હતી,
તમારા આદર્શ અમારા માર્ગદર્શક હતા,
અમે તમારું સાદું જીવન, દયાળુ સ્વભાવ
અને લાગણીશીલતાને ક્યારેય ભૂલીશું નહીં,
ભગવાન તમારા પવિત્ર આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
ગ.સ્વ. મીનાક્ષીબેન ભૂપેન્દ્રભાઇ પટેલ
શુભમ ભૂપેન્દ્રભાઇ પટેલ
સ્વ.ભુપેન્દ્રભાઇ છોટુભાઇ પટેલ
સ્વ.તા.૨૩/૦૭/૨૦૨૨

દસમી પુણ્યતિથિએ ભાવભિની શ્રદ્ધાંજલિ તેત્રીસમી પુણ્યતિથિએ

સ્વ. જયંતિલાલ શંભુલાલ શાહ
સ્વ. તા. ૨૩-૭-૨૦૧૬
રડી પડે છે તસ્વીર જોઈ આંખો અમારી , દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા તમો અમોને, હવે તો રહી ગઈ માત્ર યાદગીરી તમારી... અર્પણ કરીએ છીએ અમે સૌ તમને પુષ્પો અને વહેતા આંસુઓના અભિષેક...
"પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના"

સ્વ. વિનોદીની જયંતિલાલ શાહ
સ્વ. તા. ૨૫-૭-૧૯૯૩
લી.
ગં.સ્વ.માયા પરેશ શાહ (પુત્રી) | સ્વ.પરેશ ગટુભાઈ શાહ (જમાઈ)
રીટા જયંતિલાલ શાહ (પુત્રી) | -
આશા અલ્કેશ ઘારીવાળા (પુત્રી) | અલ્કેશ હરીકુમાર ઘારીવાળા (જમાઈ)
શિલ્પા ગૌરાંગ શાહ (પુત્રી) | ગૌરાંગ ભૂપેન્દ્રભાઈ શાહ (જમાઈ)
રિકેશ-ઉષ્મા,હિરલ-અર્પિતકુમાર,હેતલ-હિરેનકુમાર,સાગર-પ્રિયંકા, જીનલ-ભૌમિકકુમાર,યશ,વંશ,જીઆના,કિયાના,અનાયા.